# પ્રકરણ - (૪)

## રામાયણ મહાભારતમાં નાટ્યકળા/નૃત્યકળા :

રામાયણ-મહાભારતનો સમય ઇ.સ.પૂર્વે ચોથી પાંચમી સદીનો મનાય છે. રામાયણ અને મહાભારતનો અભ્યાસ કરવાથી સ્પષ્ટ રીતે જણાઇ આવે છે કે તે યુગમાં સંગીત નૃત્ય વિગેરે કળાઓ કોઇ ખાસ વર્ગની વસ્તુ નહિ પણ જન સામાન્યની રુચિનો વિષય બની ચુકી હતી. આ બંને ગ્રંથોના અધ્યયનથી એ પણ જાણવા મળે છે કે રામ-રાવણ અને કૌરવ-પાંડવોની પ્રાચીન કથાઓ મૌખિક રુપે સુરક્ષિત રાખવા માટે તથા તેનો પ્રચાર કરવા માટે તે કાળના કુશીલવો (નટ-નર્તક ગાયક) અને ચારણો પ્રવૃત્ત હતાં.

રામાયણના સમયમાં ગીત, નૃત્ય, વાદ્ય, ચિત્ર વિગેરે જેટલી પણ કળાઓ હતી તેનો શિલ્પમાં સમાવેશ કરવામાં આવતો. સ્વયં ભગવાન રામને સંગીત, વાદ્ય તથા ચિત્ર આદિ કળાઓના જાણકાર માનવામાં આવ્યા છે. વૈહારિકાણી શિલ્પાનાં જ્ઞાતા ।

રામાયણમાં નૃત્ય (૨/૨૦/૧૦) નૃત્ત (૪/૫/૧૭) અને લાસ્ય (૨/૬૧/૪) વિગેરેનો માત્ર નામોલ્લેખ જ નહિ પણ તેની વિધિઓ પણ જણાવવામાં આવી છે તેના આધારે નાટ્યશાસ્ત્રની રચના પૂર્વે નૃત્ય, નૃત્ત અને લાસ્યના સ્વરુપો તેમજ તેની સ્વરુપગત ભિન્નતાનું પ્રતિપાદન થઇ ચૂકયું હોવાનું અનુમાન કરી શકાય.

રામાયણનો અભ્યાસ કરવાથી જાણવા મળે છે કે તે યુગમાં સંગીત, નૃત્ય અને વાદ્ય સ્ત્રીશિક્ષણનું અંગ બની ચૂકયા હતાં. રાવણના અંત:પુરની સ્ત્રીઓ આ ત્રણે કળાઓમાં પારંગત હતી. (૫/૧૦/૩૭-૪૯) રામાયણકાળની સ્ત્રીઓ માત્ર રુપવતીજ નહિ પણ નૃત્યકળામાં પણ નિપુણ હતી. જન્મોત્સવ, રાજ્યાભિષેક, વિવાહોત્સવ અને વિજયોત્સવ નિમિત્તે તેઓ સમાજના મનોરંજન માટે પોતાની કળા રજૂ કરતી.

રામાયણમાં નટ (૨/૬/૧૪) નર્તક (૧/૧૩/૭) અને શૈલૂષ (૨/૮૩/૫) વિગેરેનું વર્ણન મળે છે. નટ અને નર્તક એવા બે સ્વતંત્ર શબ્દ પ્રયોગો જોવા મળે છે. શ્રીરામના

જન્મોત્સવ સમયે રાજમાર્ગ ઉપર નટ નર્તકોની ભીડ જામેલી હતી એવું વિધાન છે

રથ્યાશ્ચ જનસમ્બાધા નટનર્તક સંકુલા :

રામાયણ - ૧/૧૮/૧૮

એ પ્રમાણે રામના રાજ્યાભિષેકમાં ભાગ લેનાર સંભ્રાન્ત લોકોમાં નટનર્તકોનું નામ પણ ગણાવવામાં આવ્યું છે. (અયો. સર્ગ ૩,૪,૧૫) શ્રી રામના અશ્વમેધ યજ્ઞ સમયે પણ નટ-નર્તક ઉપસ્થિત હતાં. (૭/૯૧). એક જગ્યાએ સીતાજી કહે છે કે. શૈલૂષ લોકોની જેમ શ્રી રામ મને બીજાને સોંપી દેવા માગે છે - શૈલૂષ ઇવ માં રામ પરેભ્યો દાતુમિચ્છતિ - ૨/૩૦/૮ તેના આધારે એમ કહી શકાય કે શૈલૂષ લોકો પોતાની સ્ત્રીઓ બીજાના ઉપયોગ માટે આપતા હતાં. સમાજમાં નટ નર્તકોને હીન દૃષ્ટિથી જોવામાં આવતા હતાં.

રામાયણ કાળની અયોધ્યા નગરીમાં અનેક કલાસંઘો તથા નાટક સંઘોના અસ્તિત્વનો ઉલ્લેખ મળે છે. તે યુગમાં નટો, નર્તકો તથા ગાયકોનો પોત પોતાનો સંઘ હતો. ભગવાન શ્રી રામના રાજ્યાભિષેકનો ઉલ્લેખ કરતી વેળા રામાયણકાર લખે છે કે નટો, નર્તકો અને ગાયકોની કર્ણસુખદ વાણીને લોકો ખૂબ તન્મયતાથી સાંભળતા હતાં.

નટનર્તકસંઘાનાં ગાયકાનાં ચ ગાયતામ્ ।
યત: કર્ણસુખા વાચ: સુશ્રાવ જનતા તત: ॥ રામાયણ ૨/૬૭/૧૫)

તેજ પ્રમાણે વાલ્મિકિએ (રામાયણ ૧/૫/૧૨) માં એક અન્ય પ્રસંગે લખ્યું છે કે તે સમયની અયોધ્યા નગરીમાં સર્વત્ર ગણિકાઓ તથા નાટક મંડળીઓના સંઘ હતાં.

વધૂનાટકસંઘૈશ્ચ સંયુક્તાં સર્વત: પુરીમ્ ।

સમાજ અને શાસનની સુવ્યવસ્થામાંજ કળા અને કલાકારોની ઉન્નતિ થાય છે. રામના વનવાસગમન અને દશરથના અવસાન પછી અયોધ્યા પાછા ફરતા ભરતને સંગીત સંભળાતું નથી. નગરીમાં સર્વત્ર સૂનકાર છે જાણે નગરી રાજાવિહોણી થઇ ગઇ હોય એમ જણાય છે. વસિષ્ઠ એક જુદાજ સંદર્ભમાં કહે છે '' શાસનહીન જનપદમાં નટ-નર્તક પ્રસન્ન જણાતા નથી.''

નારાજને જનપદે પ્રહૃષ્ટ નટનર્તકા: ।

તે યુગમાં કેવળ નૃત્ય સંગીત જ નહિ પણ નાટકોનો અભિનય પણ થતો. આ નાટકો મોટે ભાગે સાર્વજનિક મનોરંજનના સ્થળોએ જે સમાજ ના નામથી ઓળખાતા ત્યાં ભજવવામાં આવતા. જ્યારે ભરત પોતાના મોસાળમાં હતા ત્યારે દુ:સ્વપ્નથી દુઃખી તેમના મનના રંજન માટે નાટકનો અભિનય કરવામાં આવ્યો હતો. તેમાં કેટલાક નૃત્ય કરી રહયા હતા અને કેટલાક મધુર વાધો વગાડી રહયા હતા.

વાદયન્તિ તથા શાન્તિ લાસયન્ત્યપિ ચાપરે ।
નાટકાન્યપરે સ્માહુર્હાસ્યાનિ વિવિધાનિ ચ ( રામાયણ ૨/૬૯/૪)

અર્થાત્ કેટલાક શાંતિનું વાધ વગાડે છે બીજા નૃત્ય કરે છે ત્રીજા નાટક કરે છે અને કેટલાક વિવિધ પ્રકારના હાસ્ય પ્રયોજે છે.

દિવ્યાંગના અપ્સરાઓ અને ગન્ધર્વોના નૃત્ય ગીતનો રામાયણમાં પ્રચુર માત્રામાં ઉલ્લેખ થયેલો જોવા મળે છે. ઇન્દ્રજિત વધ પછી હર્ષોલ્લાસમાં ગાંધર્વ અપ્સરાઓના નૃત્યનો ઉલ્લેખ રામાયણ (૯/૯૦/૬૬) માં આ પ્રમાણે કરવામાં આવ્યો છે.

નૃત્યદ્ભિરપ્સરોભિશ્ચ ગન્ધર્વૈશ્ચ મહાત્મભિ: ।

રામાયણ (૪/૨૪/૩૪) ના એક પ્રસંગમાં લખવામાં આવ્યું છે કે અપ્સરાઓ નૃત્યગાન વિધામાં પારંગત હતી અને પોતાની કળાથી લોકોના મન હરી લેતી હતી.

પ્રાચીન કાળમાં અન્ય રાષ્ટ્ર ઉપર હુમલો કરતી વેળા કળાકારો અને કલાકૃતિઓને સાથે લઇ જવાનો રિવાજ હતો. રામાયણ (૭/૬૪/૩) માં પણ તેનો ઉલ્લેખ છે. જ્યારે શત્રુઘ્નએ મધુપુરી પર હુમલો કર્યો ત્યારે તેની સાથે નટ-નર્તકો પણ હતાં. તે પ્રમાણે રામાયણ (૨/૯૧/૬૨) માં ભારદ્વાજ મુનિના આશ્રમમાં સૈનિકોના હસવા નાચવા ગાવાનો ઉલ્લેખ મળે છે.

નૃત્યતશ્ચ હસતશ્ચ ગાયતશ્ચૈવ સૈનિકા: ।

આ સંદર્ભમાં નૃત્તઅને તાલ શબ્દ પ્રયોજાયેલા મળે છે.

સ્વયં ભગવાન શ્રી રામ (સંસ્કૃત-પ્રાકૃત) મિશ્રિત ભાષાઓના નાટકના જાણકાર હોવાનો ઉલ્લેખ છે. (રામાયણ ૨/૧/૭). લંકાપતિ રાવણને નૃત્યગીત વડે ભગવાન શંકરની

આરાધના કરતા નિરુપવામાં આવ્યો છે.

પ્રસાર્ય હસ્તાન્પ્રનર્ત ચાગ્રત : । (રામાયણ ૭/૩૧/૪૪)

લંકાપતિ રાવણ મહાજ્ઞાના, અનેક ભાષાઓમાં પારંગત, વિદ્વાન અને કલાઓનો મર્મજ્ઞ હતા. સંગીત અને નાટ્યમાં વિશેષ રુચિ હતી. તેની પત્નિ મંદોદરી સંગીતની વિદૂષી હતી. તેની રાજ્ય સભામાં નાટ્ય-સંગીત, ચિત્ર વિગેરે કલાઓના અનેક આચાર્ય હતાં જેઓ નાટકશાળા, સંગીતશાળા અને ચિત્રશાળાનું સંચાલન કરતા હતાં. સુંદરકાંડમાં અંગહાર શબ્દનો પણ ઉલ્લેખ છે. રાવણની નિદ્રાધીન રાણીઓની શરીરભંગિમાના સંદર્ભમાં તે પ્રયોજાયો છે.

રામાયણની આટલી સામગ્રીને આધારે આપણે નીચેના મુદ્દાઓ તારવી શકીએ.

(૧) નૃત્ત અને નાટક બંને ભિન્ન કળાઓ તરીકે રામાયણકાળમાં અસ્તિત્વ ધરાવતી હતી. નટ અને નર્તક બે નોખા અભિનેતાઓ હતા. નટ નાટકકળા સાથે સંકળાયેલા અભિનેતાઓ હતા જ્યારે નર્તક વિશિષ્ટ કળા સાથે સંકળાયેલા હતા.

(૨) લાસ્ય એ નૃત્યનો સમાનાર્થી શબ્દ હતો અને ગણિકાઓ તેમાં પારંગત ગણાતી. નૃત્યમાં તાલ અને લય જાળવવામાં આવતા તથા વીણા અને મૃદંગ સહાયક વાદ્યો રહેતા.

(૩) ભરતના નાટ્યશાસ્ત્રમાં મળી આવતી હસ્તમુદ્રા અંજલિ સંયુક્ત હસ્તનું પ્રારંભિક સ્વરુપ રામાયણમાં જોવા મળે છે. અંજલિ હસ્ત એ સન્માન અને આદરનું પ્રતીક છે. રામ વનવાસમાંથી પાછા ફરે છે ત્યારે તેમને મળવા જતો ભરત રાણીઓ, માતાઓ, નગરજનો, બ્રાહ્મણોની સાથે ગણિકાઓને પણ લઇ જાય છે અને ગણિકાઓ અંજલિ હસ્તથી શ્રી રામનું સ્વાગત કરે છે. તેજ પ્રમાણે નાટ્યશાસ્ત્રમાં વપરાયેલો શબ્દ અંગહાર પણ રામાયણના સુંદરકાંડમાં પ્રયોજાયેલો જોવા મળે છે. રાવણની નિદ્રાધીન રાણીઓની વિશિષ્ટ શરીર ભંગિમાનું સૂચન કરવા માટે અંગહાર શબ્દ પ્રયોજાયો છે. રામાયણમાં અંગ અને ઉપાંગ શબ્દો ધનુષ્ય-બાણના સંદર્ભમાં વપરાયા છે જ્યારે નાટ્યશાસ્ત્રમાં તે વિશિષ્ટ અર્થમાં યોજાયેલા છે.

(૪) નટ, નર્તક અને ગણિકા વ્યાવસાયિક અભિનેતા અને નાચનારા હતાં અને તેમનું સમાજમાં

ઉંચુ સ્થાન હતું. કોઇપણ અનુષ્ઠાન વિધિ તેમની હાજરી વિના સંભવી શકતી નહિ.

(૫) શૈલૂષ શબ્દનો પ્રયોગ કિષ્કિંધાકાંડમાં પાંચ ગાંધર્વગૃહપતિઓમાંના એક ગાંધર્વના અર્થમાં થયો છે. વાજસનેયી સંહિતામાં પુરુષમેધ યજ્ઞના સંદર્ભમાં વપરાયેલ શબ્દ શૈલૂષ સાથે તેનો સંબંધ સ્પષ્ટ નથી.

(૬) રામાયણમાં કૌશિક ઋષિનો ઉલ્લેખ છે જે ભરતના નાટ્યશાસ્ત્રમાં કૌશિકી વૃત્તિ રૂપે ઉલ્લેખાયેલી છે.

(૭) નાટ્યશાળા, ગાયનશાળા, નૃત્યશાળા વિગેરે શબ્દો કલાઓની તાલીમનું સૂચન કરે છે. રાજપુત્રો તેમજ ભદ્ર સમાજના લોકો નૃત્ય ગાયન નાટ્ય વિગેરે કળાઓની તાલીમ લેતા હોવાનું અનુમાન થઇ શકે છે.

(૮) ગૃહ અનુષ્ઠાન વિધિઓ નૃત્યના સ્ત્રોતરુપ હતી. આ વિધિઓ નર્તકને નૃત્ય માટેની સામગ્રી પુરી પાડતી. અંગવિક્ષેપની કળાનો વિકાસ તેમાંથી થયો.

(૯) રામાયણમાં અપ્સરાઓ સ્વર્ગ અને પૃથ્વી પર નૃત્ય કરનાર મહત્વના પૌરાણિક પાત્રો હતાં.

(૧૦) સંગીત, નૃત્ય, નાટ્યકળા સાથે સંકળાયેલા કેટલાક શબ્દોનો રામાયણમાં વારંવાર ઉલ્લેખ થયો છે જે આ કળાઓના પૂર્ણ વિકાસનું સૂચન કરે છે જેમ કે -

શૈલુષ : આ શબ્દ ખાસ વર્ગના લોકો માટે જાતિસૂચક સંજ્ઞા તરીકે તેમજ રાજસભાની કન્યા નૃત્યાંગનાઓના શિક્ષક તરી કે 'નૃત્યગુરુ' તરીકે પ્રયોજાયો છે. (અયોધ્યાકાંડ ૮૩.૧૫ અયોધ્યાકાંડ ૩૦.૮)

નટ : વ્યાવસાયિક અભિનેતા માટે (ઉત્તર કાંડ ૬૪.૩ અયોધ્યાકાંડ ૬૭.૧૫)

નર્તક : વ્યાવસાયિક નૃત્યકારો માટે (ઉત્તરકાંડ ૬૪.૩ અયોધ્યાકાંડ ૬૭.૧૫)

ગણિકા : વ્યાવસાયિક વારાંગના માટે જેનો મુખ્ય વ્યવસાય ગાવા નાચવાનો હતો (અયોધ્યાકાંડ ૧૫.૮ અયોધ્યાકાંડ ૩.૧૬)

પાણિવાદક : તાલ વાદકો, મૃદંગવાદકો માટે.

ગાયિકા : સ્ત્રી ગાયક માટે ( અયોધ્યાકાંડ ૬.૧૪)

તાલપ્રચાર : તાલવાદકો માટે.

ગાંધર્વ તત્વ : ગાયન અને નૃત્યકળાના નિયમો સૂચવવા માટે (બાલકાંડ ૪.૧૦ અને ઉત્તરકાંડ ૨૩.૫૧)

નૃત્ય, ગીત : બંને શબ્દો માટે ભાગે જોડી સાથે પ્રયોજાયેલા છે. રામ, રાવણ, સુગ્રીવની રાજસભાના સંદર્ભમાં (બાલકાંડ ૩૨.૧૨. ઉત્તરકાંડ ૨.૧૧, ૪૨.૨૦ સુંદરકાંડ ૧૦.૩૨)કિષ્કિંધાકાંડ ૨૭.૨૬, ૩૩.૨૦)

નૃત્ત : નાચવાના સંદર્ભમાં (અયોધ્યાકાંડ ૯૧.૨૫ અને કિષ્કિંધાકાંડ ૨૦.૧૦)

લાસ્ય : નૃત્ય અને નૃત્યના સંદર્ભમાં (અયોધ્યાકાંડ ૬૯.૪)

અંગહાર : શરીરભંગિમા માટે (સુંદરકાંડ ૧૦.૩૬)

નાટક : નાટ્યના સંદર્ભમાં (અયોધ્યાકાંડ ૬૯.૪)

નુપુર, કિંકિણી : નૃત્યકારના ઝાંઝર અને આભૂષણ તરીકે (કિષ્કિંધાકાંડ ૩૩.૨૫)

તાલ : તાલ માટે નૃત્યમાં અને સામાન્ય વ્યવહારમાં.

લય : ત્રણ પ્રકારના લયનો ઉલ્લેખ સંગીત અને નૃત્યના સંદર્ભમાં (બાલકાંડ ૪.૮, અયોધ્યાકાંડ ૯૧.૨૭ અને કિષ્કિંધાકાંડ ૨૮.૩૫)

માર્ગી : ગાયનકળાના સંદર્ભમાં. સામવેદમાં માર્ગી અને દેશી પ્રકારો મળે છે તે અર્થમાં (બાલકાંડ ૪.૮)

રસ : ૬ પ્રકારના રસો (બાલકાંડ ૪.૮)

વીણા,વિપાંચી વીણા, તન્ત્રી વીણા : તંતુવાદ્ય તરીકે, નૃત્યમાં તેમજ ગીતમાં સહાયક વાદ્ય તરીકે.

મધુક, મુદંગ મુરજ, પાનવ પનાકા : આહતવાદ્યો percussion instrument તરીકે અનુક્રમે સુંદરકાંડ ૧૦.૩૮, યુધ્ધકાંડ ૫૦.૧૬, અયોધ્યાકાંડ ૩૯.૪૧, ઉત્તરકાંડ ૧૧.૫, યુધ્ધકાંડ ૫૯.૮ અને ૯૬.૩૫ માં.

ભેરી,દુંદુભિ : યુધ્ધ વાદ્યો તરીકે (યુધ્ધકાંડ ૫૦.૬૦/૫૧.૨૮/૩૨.૪૫)

કાંસી, ઘંટ : મોટો અને ધાતુમાથી બનાવેલા વાદ્યો (સુંદરકાંડ /યુધ્ધકાંડ )

આમ રામાયણકાળમાં સંગીત, નૃત્ય અને નાટ્યકળાનો વિકાસ થયો હોવાના પ્રમાણો રામાયણમાંથી મળી આવે છે. પણ તે સમયની નાટ્યકળા કે નૃત્યકળાના સ્વરુપ અંગે તેની તાલીમ પધ્ધતિ વિશે વિગતવાર માહિતી મળતી નથી. એ તો સર્વપ્રથમ ભરતના નાટ્યશાસ્ત્રમાંજ મળે છે.

## મહાભારત

મહાભારતનો કાળ ઈ.સ.પૂર્વેની ૪ સદીથી ૩ સદી માનવામાં આવ્યો છે.

મહાભારતના હરિવંશ પર્વ (અધ્યાય ૨/૯૧/૨૬) માં પ્રદ્યુમ્ન વિવાહની કથા છે. તેમાં રામાયણ નાટક અને કૌબેર-રમ્ભા અભિસાર નામના નાટ્યપ્રયોગોનું અદભુત વર્ણન મળે છે. (અધ્યાય ૯૧ થી ૯૭) ભગવાન શ્રીકૃષ્ણએ પોતાની માયા વડે ભદ્ર નામનો એક નટ ઉત્પન્ન કર્યો તેની સાથે ભીમવંશી યાદવોને નટ બનાવી વજ્રનાભના વજ્રપુરમાં મોકલ્યા જ્યાં પ્રદ્યુમ્ન પોતેજ નાયક બન્યા, સામ્બ યાદવ વિદુષક બન્યા, ગદ પારિપાર્શ્વિક બન્યા અને અન્ય યાદવ નટો બન્યા અને રામાયણ નાટક રજૂ કર્યું. તેમાં નટોએ દશરથ, ઋષ્યશૃંગ શાન્તા, રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્નનો એવો સુંદર અભિનય કર્યો કે સમગ્ર દાનવસમાજ ચકિત થઇ ગયો તેમની પ્રશંસા સાંભળી વજ્રનાભે પોતાને ત્યાં નાટક ભજવવાનું આમંત્રણ આપ્યું જ્યાં તેમણે 'કૌબેર રંભા અભિસાર' નાટક રજૂ કર્યું. આ નાટક એટલું સુંદર ભજવાયું કે દૈત્યો તથા તેમની પત્નીઓએ પોતાના ઘરેણાં ઉતારીને ભેટ આપ્યા.

ભદ્ર નામના નટ ધ્વારા ભજવાયેલ નાટકથી ઉપસ્થિત ઋષિ મહર્ષિ એટલા તો પ્રસન્ન થઇ ગયા કે પુરસ્કારરુપે આકાશમાં વિહરવાની અને ઇચ્છા પ્રમાણે રુપ ધારણ કરવાનું વરદાન આપ્યું.

તત્ર યજ્ઞે વર્તમાને સુનાટ્યને નટસ્તથા ।
મહર્ષીંસ્તોષયામાસ ભદ્રનામેતિ નામત: ॥

પ્રદ્યુમ્ન વિવાહ નિમિત્તે ભજવાયેલા આ નાટકોના સંદર્ભમાં નટ, નર્તક, ગાયક

તથા સૂત્રધાર વિગેરે પાત્રોનો ઉલ્લેખ તેમજ તેમના વિશેની વિસ્તૃત માહિતી પણ આપવામાં આવી છે.

હરિવંશ પર્વના બાણાસુર આખ્યાન (૨/૨૯-૩૨) માં હાસ્ય વિનોદથી સભર અભિનયના આયોજનનો ઉલ્લેખ મળે છે. આ સંદર્ભમાં પાર્વતી વેશધારિણી અપ્સરા ચિત્રલેખા, વિશ્વ રુપધારી શિવના ગણો દ્વારા જે અભિનય રજુ કરવામાં આવ્યો તે જોઇ સ્વયં શિવ અને પાર્વતીએ તેમના ચાતુર્ય પરત્વે આશ્ચર્ય પ્રગટ કર્યું. આ પ્રહસનને 'મુગ્ધાભિનય' એવું નામ આપવામાં આવ્યું છે. હરિવંશ પર્વમાં ચિત્રલેખા ઉપરાંત ઉર્વશી, હેમા, રંભા, મેનકા, મિશ્રકેશી અને તિલોત્તમા વિગેરે અપ્સરાઓ દ્વારા નૃત્ય તેમજ વાદ્યવાદનનું સૂચન પણ મળે છે.

મહાભારતના યુગમાં સમજ્જા નામનો જાહેર ઉત્સવ ઉજવાતો જેમાં સમાજના લોકો મોટી સંખ્યામાં ભાગ લેતા અને ખાસ કરીને યુવક યુવતીઓ નાટક સંગીત આદિ કળાઓમાં પોતાની નિપૂણતાનો પરિચય આપતા. વ્યક્તિગત અને સામુહિક બંને પ્રકારના નૃત્યો થતાં.

મહાભારતમાં નૃત્યાંગનાઓ તરીકે ઇન્દ્રની અપ્સરાઓના વિસ્તૃત વર્ણનો મળે છે. માનવને લોભાવવા તપમાંથી ચલિત કરવા અને તેની સાથે મૈત્રી બાંધવા સ્વર્ગમાંથી પૃથ્વી પર આવતી અપ્સરાઓ જેમ કે પુરુરવા માટે ઉર્વશી, વિશ્વામિત્ર માટે મેનકા વિગેરેના ઉલ્લેખો છે તેમજ સુંદ અને ઉપસુંદના વિનાશ માટે પૃથ્વી પર આવતી તિલોત્તમાનું વર્ણન છે. આ બધી અપ્સરાઓ સંગીત અને નૃત્યમાં નિપૂણ હતી.

અર્જુનનો અપ્સરાઓ સાથેનો સંબંધ મહાભારતમાં ડગલેને પગલે જોવા મળે છે. વનપર્વમાં અપ્સરા દ્વારા ઇન્દ્રના દરબારમાં આવતો અને સંગીત અને નૃત્યની તાલીમ લેતો અર્જુન તથા વિરાટ પર્વમાં ગુપ્તવાસ દરમ્યાન બૃહન્નલ્લા બની નૃત્યની તાલીમ આપતા અર્જુનનું નિરુપણ મળે છે. આ બંને સંદર્ભમાં કયા નૃત્યની કેવી તાલીમ આપવામાં આવતી હતી તેની વિશેષ માહિતિ મળતી નથી. ઇન્દ્રની આજ્ઞાથી ચિત્રસેના ગીત, વાદ્ય તથા નૃત્યની

તાલીમ અર્જુનને આપે છે. મહાભારતના સમયમાં ગીત, વાદ્ય તથા નૃત્ય કળાઓનો સાથે વિચાર કરવામાં આવતો પૃથક્ રીતે નહિ. આ કળાઓનો પરસ્પર સંબંધ તેમજ તેઓની એક બીજાના પૂરક હોવાની સ્થિતિનો પણ તે કાળમાં વિચાર કરવામાં આવ્યો હતો.

કિચકવધના સંદર્ભમાં નૃત્યશાળા/નાટ્યશાળાનો ઉલ્લેખ મળે છે. આ નૃત્યશાળા/નાટ્યશાળા એ પ્રેક્ષાગૃહ નહિ પણ તાલીમ અને રિયાઝ માટેના સ્થળો હતાં તે કિચકવધ સમયે રાત્રે કોઇ નહોતું તેના પરથી ખ્યાલ આવે છે.

રાજસૂય યજ્ઞ પર્વમાં રંગમંચ અને પ્રેક્ષાગૃહના વિવરણો મળે છે.

આમ મહાભારતકાળમાં સંગીત નૃત્ય નાટ્યકળાનો વિકાસ થયેલો જોવા મળે છે. રામાયણ અને કૌબેર રંભા, અભિસાર જેવા નાટકોની ભજવણીના ઉલ્લેખો તેમજ નટની 'પાત્રસાદૃશ્ય' સાધવામાં નિપૂણતાના ઉલ્લેખો અભિનયકળાનો વિકાસ સૂચવે છે પણ આથી વિશેષ માહિતી તેમાથી પ્રાપ્ત થતી નથી. નૃત્ય/નાટ્યની તાલીમની છણાવટ જોવા મળતી નથી.

રામાયણ-મહાભારતની સામગ્રી પરથી એટલું અવશ્ય કહી શકાય કે ભરતમુનિ પૂર્વે નૃત્ત, નૃત્ય, નાટ્ય, સંગીત આદિ કળાઓનો સ્વતંત્ર વિકાસ થઇ ચૂકયો હતો. ભરતમુનિએ આ બધી સામગ્રીનો અભ્યાસ કર્યો હોવાની શકયતા નકારી શકાય નહિ.